# જાહેરનામુ

ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ તથા જી.પી.એક્ટ-૧૧૭ અન્વયે

ક્રમાંક: વિશેષ શાખા/એચ સેકશન/મકરસંક્રાંતી/પરમીટ/૧૨૪/૨૦૧૭

ઉતરાયણ તહેવાર દરમ્યાન પાકા સીન્થેટીક ચાઇનીઝ નાયલોન મટીરીયલથી તૈયાર કરવામાં આવેલ પાકા દોરાથી ઉડાડવામા આવતા પતંગોના કારણે રોડ ઉપર વાહન ચલાવતા વાહન ચાલકોને ગંભીર ઇજાઓ થાય છે તથા કેટલાક અકસ્માતથી મૃત્યુ પણ પામે છે.આવા દોરાથી પક્ષીઓ ઘાયલ થતા હોય છે અને તેનાથી તેમનુ મૃત્યુ પણ થતુ હોય છે. આથી પતંગ ઉત્સવ દરમિયાન પાકા દોરાથી પતંગ ઉડાડવાનુ અટકાવવુ જરૂરી જણાય છે.

આ ઉપરાંત જાહેર રોડ ઉપર પતંગ ઉડાડવાથી તથા કપાયેલ પતંગ દોરી પકડવા દોડતાં માણસો અથડાવવાથી વાહન ચાલકો તથા રાહદારીઓને પણ ઇજાઓ થવાની તથા અકસ્માત થવાની લોકોની જીંદગી જોખમાવવાની સંભાવના રહેલ છે.સવાર ના કલાક ૦૬.૦૦ થી ૦૮.૦૦ તથા સાંજના કલાક ૦૫.૦૦ થી ૦૭.૦૦ સમય દરમિયાન પક્ષીઓ તેમના માળા માંથી બહાર તથા પરત માળામાં આવવાનો સમય હોવાથી તે દરમિયાન પતંગના દોરાથી પક્ષીઓ વધુ ઘાયલ તથા ઇજા ગ્રસ્ત થાય છે. તેથી તે સમય દરમિયાન પતંગ ઉડાડવાનુ ટાળવુ જોઇએ.

પર્યાવરણ (એન્વાયરન્મેન્ટ પ્રોટેકશન) એક્ટ-૧૯૮૬ ની કલમ-૫ મુજબ અધિક મુખ્ય સચિવ ગુજરાત સરકારશ્રી વન અને પર્યાવરણ ખાતાના પત્ર નં ENV/10/2016/NGT/04/T ની સુચનાથી નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ ન્યુ દિલ્હીના હુકમ મુજબ પર્યાવરણને નુક્શાન ન થાય તે હેતુથી સાવચેતીના પગલાં રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

આથી હું એ.કે.સિંઘ પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૪૪ તથા જી.પી.એક્ટ ની કલમ ૧૧૩,અન્વયે ચાઇનીઝ દોરી, સિન્થેટિક ચાઇનીઝ દોરી, નાયલોન દોરી અથવા ચાયનીઝ માંઝા, અન્ય કાચ અથવા હાનીકારક દોરી અથવા પતંગ ઉડાવવા માટે ઉપયોગમાં લેવાતી અન્ય નુકશાનકારક વસ્તુઓ તેમજ કાચ પાયેલી અથવા અન્ય હાનિકારક પદાર્થોનું કોટીંગ ધરાવતી કોટન દોરીની આયાત/ ઉપલબ્ધી (PROCUREMENT)/ વેચાણ/ સંગ્રહ/ઉપયોગ ઉપર તથા વ્યક્તિઓ પશુ,પક્ષીઓ અને માલ મિલ્કતને નુકશાન થાય તે રીતે પતંગ ઉડાડવા પર પ્રતિબંધ મુકુ છું.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ તથા જી.પી.એક્ટ ૧૧૭, શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંનો અમલ તા.૨૫/૧૨/૨૦૧૭ થી તા.૧૭/૦૧/૨૦૧૮ સુધી કરવાનો રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રીઓ/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દા ધરવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો કલમ ૧૮૮ તથા જી.પી.એક્ટ,૧૧૭ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.